**GJAH020131512026**

## અમદાવાદના મે.અધીક સત્ર ન્યાયાધીશ સાહેબની કોર્ટ નં.૨૫ સમક્ષ

**ફોજદારી પરચુરણ અરજી નં.૫૮૪૪/૨૦૨૬**

| | |
|---|---|
| **અરજદાર/આરોપી** | આકાશ ઉર્ફે સોનુ સતપાલસીંગ રણવીરસિંહ ચૌહાણ |
| **સામાવાળા** | શ્રી સરકાર |
| **અરજદાર તરફે** | વિદ્વાન વકીલશ્રી ટી.એ.વ્યાસ (એલ.એ.ડી.સી.માંથી) |
| **સામાવાળા તરફે** | વિ.એડી.પી.પી.શ્રી એચ.આર.શાહ |
| **બાબત - વચગાળાના જામીન ઉપર મુકત કરવા અરજી** | |

/// **આંક-૧ નીચે હુકમ** ///

(૧) સદર કામે અરજદાર/આરોપી તરફે હાલની અરજી નિકોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૫૨૫૦૩૬૭/૨૦૨૫ના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩-૧, ૧૧૮-૧, ૧૧૫-૧, ૨૯૬-બી, ૫૪ વિગેરે મુજબના ગુનાના કામે વચગાળાના દિન-૩૦ના જામીન મેળવવા કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે એલ.એ.ડી.સી.માંથી વિદ્વાન વકીલશ્રી ટી.એ.વ્યાસ અત્રેની કોર્ટમાં હાજર થઇ અરજીમાં જણાવેલ હકીકતો પોતાની રજૂઆતમાં જણાવેલ છે અને વિષેશ રજૂઆતમાં જણાવેલ છે કે, અરજદાર આરોપીને ઉપરોક્ત ગુનાના કામે અટક કરવામાં આવેલ છે. અરજદાર છેલ્લા ૧૩ મહિનાથી કસ્ટડીમાં છે. અરજદારના પરિવારમાં પોતાની પત્ની તથા ત્રણ બાળકો છે. જેઓ ઉત્તર પ્રદેશ ખાતે રહે છે. અરજદારના બે બાળકો શાળામાં અભ્યાસ કરે છે અને એક બાળકનું શાળામાં એડમીશન કરાવવાનું છે. અરજદારના પરિવારમાં પોતે એકમાત્ર કમાવનાર વ્યક્તિ હતા, પરંતુ અરજદારના જેલમાં ગયા બાદ અરજદારના પરિવારની આર્થિક સ્થિતિ ખુબ જ દયનિય બની ગયેલ છે. અરજદારના પત્ની છુટક મજુરી કરી જેમ તેમ પરિવારનું ગુજરાન ચલાવે છે. અરજદારના બાળકોની સ્કુલ ફી ભરવા માટે નાણાકિય વ્યવસ્થા કરવાની જરૂર છે. જેથી અરજદારને વચગાળાના જામીન આપવામાં આવે તો તેઓ પોતાના પરિવારનું ગુજરાન ચલાવવામાં તેમજ પોતાના બાળકોની શાળાની ફી ભરવા માટે આર્થીક રીતે મદદ કરી શકે તેમ છે. વધુમાં

અરજદાર આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાત્રી આપે છે. તે તમામ સંજોગો ધ્યાને લઇ આરોપીને દિન-૩૦ના વચગાળાના જામીન પર મુક્ત કરવા માટે અરજ ગુજારેલ છે.

(૩) અરજદારની અરજી સામે ફરિયાદપક્ષે નોટીસ કાઢતા સામાવાળા/શ્રી સરકાર તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી હાજર થયેલ છે અને તેઓએ તપાસ કરનાર અમલદારની એફીડેવીટ આંક-૨થી રજૂ કરી પોતાની રજૂઆતમાં જણાવેલ છે કે, હાલના અરજદાર મર્ડર જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા છે. જેથી અરજદાર આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો તેઓ ફરિયાદપક્ષના સાક્ષીઓને લોભ લાલચ આપી કે ડરાવી ધમકાવી તોડવા ફોડવા પ્રયત્ન કરે તેવી પુરી શક્યતા રહેલી છે. અરજદાર મુળ ઉત્તર પ્રદેશના રહેવાસી હોય, જામીન મુક્ત થઇ નાસી ભાગી જાય તેવી પણ શક્યતા રહેલી છે. જેથી હાલની અરજી નામંજુર કરવી જોઇએ.

(૪) સદર કામમાં અરજદાર આરોપીની હાલની જામીન અરજીની હકીકત, અરજદાર આરોપી તરફે રજૂઆત તથા સરકાર પક્ષે વિ.એડી.પી.પી.શ્રીની રજૂઆત, તપાસ કરનાર અમલદારની એફીડેવીટ તેમજ રજૂ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. અરજદાર આરોપી તરફે હાલની અરજી પોતાના પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવા માટે કરેલ છે, પરંતુ આ મુદ્દાને લાગે વળગે છે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધ મર્ડરના ગંભીર ગુનાના આક્ષેપ છે. અરજદાર મુળ ઉત્તર પ્રદેશના રહેવાસી છે, જેથી વચગાળાના જામીન પર મુક્ત કરવામાં આવે તો તેઓ નાસી ભાગી જાય તેવી પુરી શક્યતા રહેલી છે. વધુમાં અરજદાર પોતાના બાળકોને સરકારી શાળામાં વિનામુલ્યે અભ્યાસ કરાવી શકે તેમ છે. જેથી ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતા અરજદાર/આરોપી તરફે હાલની અરજીમાં જામીન માટે જે કારણ આપેલ છે તે યોગ્ય, પુરતું અને ન્યાયિક જણાઇ આવતું નથી. જેથી આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવા પાત્રના સંજોગો જણાતા ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

/// **હુ ક મ** ///

૧) હાલની વચગાળાની જામીન અરજી રદ્દ એટલે કે નામંજુર કરવામાં આવે છે.

(૨) હુકમની જાણ જેલ ઓથોરીટી મારફતે અરજદાર આરોપીને કરવી.

\- આ હુકમ આજરોજ તા.૧૩મી ઓગષ્ટ, ૨૦૨૬ના રોજ અમદાવાદ મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(સમીર રતીલાલ સાંગાણી)**
**જજ, સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ**
**અમદાવાદ - જીજે ૦૧૦૪૬**

// **Mori** //